**Sahitya Manthan**
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

# કચ્છમાં 'દૂધપીતી' નો રિવાજ : એક સામાજિક દૂષણ

ડૉ.નંદલાલ નારાણ છાંગા
મદદનીશ પ્રાધ્યાપક – ઈતિહાસ
શ્રી આર.આર. લાલન કોલેજ, ભુજ.
ahirnandlal1989@gmail.com

**સારાંશ**

ભારતીય સંસ્કૃતિ એક વિશ્વની પ્રચીનત્તમ સંસ્કૃતિઓમાંની એક છે. ભારતીય સંસ્કૃતિમાં એવા ઘણા તત્વો અને મુલ્યો છે જે વિશ્વની અનેક સંસ્કૃતિઓ કરતા પણ શ્રેષ્ઠ છે. તેથી જ વિશ્વના અનેક દેશો આજે પણ ભારતીય સંસ્કૃતિના આવા તત્વોને સ્વીકારવા તત્પર બન્યા છે. ભારતીય સમાજમાં અનેક એવા રીત-રિવાજો જોવા મળે છે કે જે વૈજ્ઞાનિક આધારશીલા પર બનેલા છે. છતાં પણ સમય જતા તેમાં કોઈક કારણોસર જડતા આવતી ગઈ અને ધીમે ધીમે તે રિવાજો કુપ્રથાઓમાં પરિવર્તન પામતા ગયા જોવા મળે છે. એમાનો એક કુરિવાજ એટલે બાળકીને દૂધપીતી કરવાનો રીવાજ. સામાન્ય રીતે ૧૮ મી અને ૧૯ મી સદીમાં આ કુરીવાજ ભારતના અનેક પ્રદેશોમાં જોવા મળતો હતો. પણ તે સમયના કચ્છ રાજ્યમાં આ દુષણ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો હતો.

**ચાવીરૂપ શબ્દો : દૂધપીતી, બાળહત્યા**

## કચ્છમાં 'દૂધપીતી'ના રીવાજની શરૂઆત

કચ્છની કેટલીક જ્ઞાતિઓમાં દીકરી જન્મે કે તરત જ તેને દૂધમાં ડુબાડીને તેની હત્યા કરવાની કુપ્રથા ક્યારથી શરુ થઈ તે સંદર્ભે ઉપલબ્ધ વિગતો અનુસાર કચ્છનાં શમાવંશના રાજવી જામ લાખાજી જાડેજાને સંતાનોમાં સાત દીકરીઓ હતી. દીકરીઓ ઉમરલાયક થતા જામ લાખાએ પોતાના કુળગોર હરદાસને પોતાની સાતે દીકરીઓ માટે યોગ્ય પાત્રો શોધવા મોકલ્યાં. પરંતુ કુળગોર હરદાસ નિરાશ થઈને પાછા આવ્યા અને કહ્યું કે, 'રૂપ અને બહાદુરીમાં શમાવંશની બરોબરી કરી શકે તેવો કોઈ વંશ મારી નજરમાં ન આવતા સગપણ કરવા મારું મન માન્યું નહિ'. આથી જામ લાખાને એક બાજુ પોતાનાં વંશ પ્રત્યે ગર્વ થયો અને બીજી બાજુ પોતાને સાત સાત પુત્રીઓ હોવાનું દુઃખ પણ થયું. પિતાની આ મનોદશા નિહાળી સાતે પુત્રીઓએ કુવારા રહેવા કરતાં અગ્નિસ્નાન કરવાનું નક્કી કર્યું. પરંતુ જીવતા અગ્નિસ્નાન

કરવામાં આવે તો જીવ અવગતે જાય તેથી શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિપ્રવેશ કરવાનું યોગ્ય માનવામાં આવ્યું અને જામ લાખાએ આ વિધિ કરવા માટે કુળગોર હરદાસને વિનંતી કરતાં હરદાસે આ વિધિ કરાવ્યા પછી પોતે પણ સજોડે અગ્નિસ્નાન કરશે અને પોતાના ગયા પછી પોતાના બે જમાઈઓને રાજના ગોરપદે નીમવામાં આવે એવી વિનંતી કરતાં મહાસુદ ૫, સોમવાર, વિક્રમસંવત ૧૨૦૭ (ઈ.સ.૧૧૫૧) ના રોજ જામ લાખાની સાતે કોડભરી કન્યાઓ અને આ વિધિ કરાવનાર હરદાસે પણ સજોડે અગ્નિસ્નાન કર્યું. આ ઘટના પછી જ કચ્છમાં જાડેજા રાજ પરિવારમાં દીકરીને 'દૂધપીતી' કરવાનો રીવાજ શરૂ થયો જે ૧૯ મી સદી સુધી એટલે કે અંગ્રેજોના સમય સુધી ચાલુ રહ્યો હતો.

**બાળકીને 'દૂધપીતી' કરવાના કારણો**

'દૂધપીતી' કરવાના રિવાજના કારણોમાં મુખ્યત્વે ભારતીય સમાજમાં સ્ત્રીઓની દુઃખદ સ્થિતિ, ભારરૂપ દહેજપદ્ધતિ અને લગ્નોમાં ફરજીયાત કરવા પડતાં ભારે ખર્ચ, યોગ્ય વર મેળવવાની મુશ્કેલી, રાજપૂતોમાં પ્રવર્તતી માન અને અભિમાનની લાગણી વગેરેને ગણી શકાય. કચ્છમાં આ કુરિવાજ જાડેજા જ્ઞાતિમાં વધુ પ્રમાણમાં પ્રચલિત હોઈ એના સંબંધમાં જ જોઈએ તો આ કુરીવાજના મુખ્ય કારણો નીચે મુજબના ગણાવી શકાય.

- જાડેજાઓ મૂળથી જ હિંદુ ધર્મના હતાં પરંતુ રાજ્ય પરિવર્તનોમાં સમય જતાં એમનામાંથી કેટલાંકે મુસ્લિમ ધર્મ અંગીકાર કાર્યો હતો. આથી અન્ય રજપૂતો એમની તરફ તિરસ્કારની નજરે જોતા અને એમની કન્યાઓ લેતા નહી. પરિણામે જાડેજાઓને કન્યાઓને જન્મતાં જ મરણને શરણ કરવાની રૂઢીને વળગી રહેવાનું સબળ કારણ મળ્યું હોય.
- જાડેજાઓ રાજ્યકર્તા થયા તેથી તેનું અભિમાન એમનામાં આવ્યું, પરિણામે પોતાની દીકરી આપવી એમાં પોતાને નીચા જોવું એમ સમજવા લાગ્યા. આ વિચારથી પણ આ કુરિવાજને પોષણ મળ્યું હોય એવો સંભવ છે.
- કન્યાઓ માટે યોગ્ય વર શોધવાની મુશ્કેલીઓ બહુ પડતી. આથી કન્યાઓ ન જ હોય એ ઇષ્ટ માનતા હોય જેથી અગાઉથી ચાલી આવતી રૂઢીને બળ મળ્યું.
- અનેક પરિવારોની ગરીબી પણ આ કુરિવાજ માટે મુખ્ય કારણ માની શકાય.
- આ ઉપરાંત કચ્છમાં રાજગોર પણ જાડેજાઓની પુત્રીઓ માટે યોગ્ય વર શોધી ન શકતો ત્યારે તે પુત્રીને 'દૂધપીતી' કરવાની સલાહ આપતો અને દક્ષિણાના બદલામાં હત્યાનું પાપ વહોરી લેતો. આમ, આ કુપ્રથા શરુ થવામાં જાડેજાઓનાં કુલાભિમાન સાથે પુરોહીતોનો ટેકો પણ મહત્વનું પરીબળ હતું.

આ કુપ્રથા અંતર્ગત બાળકી જન્મે તેને બને તેમ ઓછું દુઃખ પડે તે રીતે મારી નંખાતી. તેના માટે ઝેરી નાળને બાળકીના મોમાં મૂકવી, માતાની સ્તનની ડીંટડી પર અફીણ ચોપડીને ધવડાવવું, બાળકને અફીણની ગળથૂથી દેવી, ઉકળતા દૂધના વાસણમાં ડુબાડી દેવી વગેરે રીતોનો ઉપયોગ કરવામાં આવતો. હત્યા પછી બાળકોના મૃતદેહને એક ટોપલીમાં લઇ જઈને રાજગોર જાતે અંત્યેષ્ઠી-વિધિ કરતો. તે માટે તેને એક ટંકનું કાચું સીધું દક્ષિણામાં અપાતું. આશ્ચર્યની વાત એ છે કે કચ્છમાં આ કુરિવાજ સદીઓ સુધી ચાલ્યો અને એમાંય ખાસ કરીને એક રાજ્યકર્તા જ્ઞાતિમાં જ વધુ પ્રમાણમાં પ્રચલિત હતો. કચ્છના જાડેજા રાજવીઓની બાર પેઢીઓમાંથી ફક્ત ભાગ્ય સંજોગે એક જ કુમારિકા આ સમયે બચવા પામી હતી. આ કુરિવાજની કરુણતા એ છે કે ઈ.સ. ૧૮૧૮ માં ૮૦૦૦ જાડેજા પરિવારોમાં ફક્ત ૧૩ જ દીકરીઓ હતી. આ રીવાજ ફક્ત જાડેજાઓમાં જ પ્રચલિત નહોતો પણ હોતી, દેદા, મોકળશી, ફૂલ, દલ્લ, વરમશી, ઝાલા, બુટ્ટા, બરાચ, રૈયા સુખેર, કંદેર, કેર, અમન, વાણાન, બામાની અને વિરાર જેવી જ્ઞાતિઓમાં પણ વત્તે ઓછે અંશે જોવા મળતો હતો.

**અંગ્રેજોની સામેલગીરી**

૧૯ મી સદીની શરૂઆતમાં જનકલ્યાણનાં કાર્યો તરફ બ્રિટીશ પ્રજાનું લક્ષ વધારે ખેંચાતું હતું. તે સમયે કચ્છમાં ચાલતી આવી બાળહત્યાની વ્યાપક કુપ્રથા સામે કંપનીનાં અધિકારીઓમાં પણ ભયંકર ઘૃણા અને તિરસ્કારની લાગણી પેદા થઈ હતી. આ કુપ્રથાને નાબુદ કરવા માટે કર્નલ વોકરે સૌપ્રથમ કાઠીયાવાડના રાજાઓની સંમતિ મેળવી. ઈ.સ. ૧૮૦૭ ની સપ્ટેમ્બરની ૨૮ મી તારીખે કચ્છ રાજ્યના વજીર ફતેહમહંમદને પત્ર દ્વારા સંદેશો પાઠવવામાં આવ્યો. જેમાં જણાવેલું કે, આ પત્ર લખવાનો હેતુ બાળહત્યા નાબુદીમાં આપનો સહકાર જરૂરી છે. આપના વગથી તે અમલમાં આવશે તો એનાથી આપનાં યશ અને ગૌરવમાં વૃદ્ધિ થશે. આપ જાણો જ છો કે કચ્છ દેશમાં ઘણી મોટી સંખ્યામાં રહેતી જાડેજા રાજપૂતોની જાતિ તેમના સ્ત્રીસંતાનોને ઉછેરતી નથી પણ પૂર્વગ્રહનાં અંધ પ્રભાવ હેઠળ તેમનાં સ્ત્રી શિશુઓની હત્યા કરે છે. આ પ્રથા ગોસ્પેલના કાયદાઓથી જેટલી વિપરીત છે એટલી જ કુરાનનાં ખ્યાલોથી પણ વિપરીત છે અને જાડેજાઓએ જ જેમનો આદર કરવો જોઈએ એવાં હિંદુશાસ્ત્રો અને સ્મૃતિઓમાં પણ તેનો સમાન રીતે અને સંપૂર્ણપણે નિષેધ કરવામાં આવ્યો છે." આ પત્રના પ્રત્યુતરમાં ઈ.સ.૧૮૦૭ ની ૨૧ મી ઓક્ટોબરે મેજર વોકરને ફતેહમહંમદનો પત્ર મળ્યો જેમાં જણાવેલું કે આ બાબતમાં તે શાસક સાથે અનાવશ્યક સંઘર્ષમાં ઉતરવા માંગતા નથી અને આ વિષય પર ફરીથી મને લખતાં નહી.

તે સમયે કચ્છ રાજ્યમાં વજીર ફતેહમહંમદનું રાજકીય પુરુષ તરીકે પ્રભાવશાળી સ્થાન રહ્યું હતું. તેથી અંગ્રેજોએ તેમને વારંવાર વિનંતી કરી હતી. ફતેહમહંમદે સામાજિક ક્ષેત્રે આ સુધારાને સક્રિય રીતે અમલમાં મુકવાના પ્રયત્નો કર્યા હોત તો કદાચ તેનું સ્થાન સ્ત્રી ઉદ્ધારક તરીકે ચિરસ્મરણીય બની જાત. પરંતુ તેની અનિચ્છાથી સ્પષ્ટ થાય છે કે પોતાના રાજકીય હિતોને ધ્યાનમાં રાખીને જ કુટનીતિ દ્વારા આ બાબતથી તે દુર રહ્યા અને કહ્યું કે દીકરીઓને 'દૂધપીતી' કરવાની પ્રથા ઘણાં લાંબા સમયથી ચાલી આવે છે અને તેણે ધર્મનો પણ ટેકો છે. ઈ.સ. ૧૮૧૯ માં ઇસ્ટ ઇન્ડિયા કંપની અને કચ્છના મહારાવશ્રી દેશળજી બીજા વચ્ચે 'દૂધપીતી' રિવાજ અંગે સંધિ થયેલ જેમાં કંપની વતી કેપ્ટન જેમ્સ મેકમર્ડો તેના પર હસ્તાક્ષર કર્યા હતા.

ઇ.સ.૧૮૧૯ ના આ કરારનો બરાબર અમલ ન થતાં બ્રિટીશ સરકાર જુદાં જુદાં સમયે જાડેજા રાજવીઓ પર અમુક હદ સુધી દબાણ લાવતી રહી હતી. જો કે આમાં પણ બ્રિટીશ સામ્રાજ્યણે આંચ ન આવે એ રીતે અને ગુલામ પ્રજા બળવો કરવા ન પ્રેરાય એ રીતે પગલાં લઈને આ કુપ્રથાને નાબુદ કરવા માંગતા હતાં. 'દૂધપીતી'ની અમાનવીય પ્રથાને અટકાવવાનું માન ખાટવા માંગતા બ્રિટીશ સામ્રાજ્યે સર્વત્ર તેની આર્થિક શોષણની અમાનવીય, શિકારી નીતિ ચાલુ જ રાખી હતી. જે તેના બેવડા ચરિત્રની સાક્ષી પૂરે છે. આમ છતાં પૂર્વયોજના વિના ભારતમાં સામાજિક ક્રાંતિ સર્જવા માટે કારણભૂત રહેલી બ્રિટીશ પ્રવૃત્તિનાં ભાગરૂપ 'દૂધપીતી' નાબુદીની કાર્યવાહી ગણી શકાય.

**દુષણને દુર કરવાના પગલાઓ**

કચ્છમાં 'દૂધપીતી' રિવાજ અંગે એલેકઝાન્ડર બર્ન્સે રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખા દ્વારા મળેલ ૧૮૩૩ ની ૨૦ મી જુલાઈએ લેખનું વાંચન કરેલું તેમાં કચ્છ અને કાઠીયાવાડનાં 'દૂધપીતી' રિવાજ અંગેનો અહેવાલ રજુ કરેલો. તેમાં તેમણે રાજપૂત જાતિઓની વસ્તીનાં આંકડાઓ દ્વારા જાહેર કરેલું તેમાં કચ્છમાં સ્ત્રીઓની સરખામણીમાં પુરુષની વસ્તીનું પ્રમાણ લગભગ ૧ ની સામે ૪ જેટલું હતું. ત્યારબાદ ઈ.સ.૧૮૩૯ માં કચ્છનાં જાડેજાઓની વસ્તી ગણતરી થઈ હતી ત્યારે ૪૯૨૧ પુરુષોની સામે માત્ર ૩૩૫ જેટલી જ સ્ત્રીઓની નોંધણી થઈ હતી. આમાં જાડેજાઓની પત્નીઓને ગણતરીમાં નહોતી લેવાઈ કારણકે તેઓ કચ્છ બહારથી આવી હતી. જાડેજાઓમાંથી દીકરીઓને 'દૂધપીતી' કરવાનો રિવાજ નાબુદ કરવાનો અને તે કરારને ચુસ્તપણે અમલમાં લાવવાનું કાર્ય બરાબર થતું ન હતું. તે જોઇને બ્રિટીશ સરકાર અને કચ્છનાં ભાયાતો વચ્ચે ઈ.સ.૧૮૪૦ માં માર્ચ મહિનામાં નવો કરાર કરવામાં આવ્યો. તેમાં મુખ્યત્વે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી હતી.

- કચ્છનાં ભયાતમાં જન્મેલા તમામ પુત્રો અને પુત્રીઓનો ચોકસાઈભર્યો વૃત્તાંત નિર્ધારિત પત્રક પ્રમાણે દર વર્ષે દરબારને પહોંચાડવો પડશે.
- ભયાતમાં નવજાત શિશુની હત્યા કરશે ત્યારે જાગીરદારે પંદર દિવસનાં સમયગાળાની અંદર દરબારને જાણ કરવી પડશે. જેથી હત્યારાને દંડ કે શિક્ષા થઈ શકે. જો જાગીરદાર આવા ગુન્હાની કોઈપણ ઘટના છુપાવશે કે બેદરકારી દાખવશે તો તેણે પોતે જ દંડ ભોગવવા તૈયાર રહેવું પડશે. અને જયારે એવું નિશ્ચિત રીતે જાણવા મળે કે જાડેજાની પત્ની ગર્ભવતી થઈ છે અને શિશુનો જન્મ અધૂરે માસે થયો છે, કે તે કુદરતી રીતે મૃત્યુ પામ્યું હોવાનું કહેવામાં આવતું હોય એવા કિસ્સામાં ચાર મોભાદાર માણસો આ બાબત સંબંધી હકીકતોથી વાકેફ થશે અને દરબારને ૧૫ દિવસની અંદર તેના અભિપ્રાયની જાણ કરશે.
- બીજી કલમ હેઠળ લાદવામાં આવેલા તમામ દંડની રકમને દરબાર અલગ ભંડોળમાં રાખશે. જેમાંથી જાગીરદાર દ્વારા રજૂઆત થયે, કોઇપણ ગરીબ માણસને તેની પુત્રી પરણાવવા માટે મદદ આપવામાં આવશે.
- દરબારનાં એક કે બે મહેતા કચ્છમાં બધે નિરિક્ષણ માટે જશે અને કોઇપણ ગામમાં તેઓ આવે ત્યારે બંને સરકારોની જાણ માટે તૈયાર કરાયેલ તમામ પુત્રો-પુત્રીઓની ચોકસાઈભરી યાદીઓ જાગીરદાર સમક્ષ રજુ કરશે.

ઉપરોક્ત કરાર સબબ- “આ સાથે મારા વતી અને મારી દરેક પેઢીનાં વંશજો વતી ઉપરોક્ત ચાર કલમોનો હું સ્વીકાર કરું છું” તેવી લેખિત બાંહેધરી કોઠારાના જાડેજા રાહેબજીએ ભુજ મુકામે ૨૩ મી માર્ચ ૧૮૪૦ નાં રોજ આપી હતી. અને તે જ દિવસે આ પ્રકારની સમજુતી પર નીચેના જાગીરદારોએ પણ સહી કરી હતી.

નાગ્રેચાના જાડેજા ચાન્દાજી, તેરાના જાડેજા સુમરાજી, રેહાનાં જાડેજા ખેંગારજી, મોથાળાના જાડેજા સુમરાજી, સુથરીના નાદેજા ગોડાજી, આડેસરના જાડેજા કલ્યાણસંગજી, કોટડીનાં જાડેજા હમીરજી, ગજોડના જાડેજા મોમાયાજી, સાંધાણના જાડેજા હમીરજી, આસંબિયાના જાડેજા લાખાજી, નલિયાના જાડેજા અસારીયાજી, ખેડોઈના જાડેજા જીયાજી, ફરદીના જાડેજા ગાઓજી અને બિદડાના જાડેજા નાથોજી.

**કુરિવાજની નાબુદી**

આમ, કચ્છમાંથી આ અમાનવીય રિવાજ બંધ થયો. તેના માટે કચ્છના મહારાવશ્રી દેશળજીએ ઊંડો રસ લઇ અથાગ પ્રયત્નો કર્યા હતા. તે જ રીતે મહારાવશ્રી પ્રાગમલજી બીજાએ

પણ આ કુરિવાજને નાબુદ કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. આમ, બાળહત્યાની પ્રથા ધીમે ધીમે ઘસાતી ગઈ અને કોઇપણ જાડેજા કુટુંબમાં જન્મેલી દીકરી પણ ઉછરવા લાગી.

## **સંદર્ભસૂચી**


1. ગઢવી, એસ.એ.(૨૦૧૯). કચ્છ દર્શન, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ.
2. પટેલ, દેવેન્દ્ર. *કચ્છની ખુશ્બૂ,* બૂકપ્રથા, ભાવનગર.
3. કારાણી, દુલેરાય (૨૦૧૨). *કચ્છ કલાધર,* પ્રવીણ પ્રકાશન, રાજકોટ.
4. કારાણી, દુલેરાય. *કચ્છની રસધાર,* ભાગ - ૩.
5. કારાણી, દુલેરાય. કચ્છના સંતો અને કવિઓ.
6. Khare, Randhir (2004). *Kutch : Triumph of the Spirit, Rupa Publication.*